બગસરાના વતનીની વતન પ્રત્યેની અનેરી પ્રીત : બગસરાના સાવજ જેવા ખુમારીવાળા

# સ્વ. પ્રવિણભાઇ ધોરડાના સ્મણાર્થે બગસરામાં આજે ભજનની રમઝટ

## મુંબઇના વિશ્વ વિખ્યાત લોકસાહીત્યકાર શ્રી સુનીલ ધોરડા અને પરિવાર દ્વારા આજે વડીલ વંદના : સાંજે જૈન ભોજનશાળામાં સંતવાણી અને લોકડાયરાની રમઝટ

અમરેલી,બગસરાના વતની અને દેશ - વિદેશમાં લોકસાહિત્ય ક્ષેત્રે નામના મેળવનાર જાણીતા કલાકાર દ્વારા તેમના પિતાજીની સ્મૃતિમાં ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરેલ છે.બગસરામાં આજે તા. ૧૮ ને ગુરૂવારી રાત્રીના નવ કલાકે જૈન ભોજન શાળામાં સ્વ. પ્રવિણભાઇ વિસામણભાઇ ધોરડાના સ્મણાર્થે તેમના જ પુત્રો શ્રી સુનીલભાઇ ધોરડા અને ગૌરાંગ ધોરડા દ્વારા સંતવાણી કાર્યક્રમનું આયોજન કરેલ છે.અત્રે ઉલ્લેખનીય છે કે વટ અને ખુમારી ધરાવતા સ્વ. પ્રવિણભાઇ વિસામણભાઇ ધોરડાની બગસરાની વેપારી આલમમાં ચાહના અકબંધ છે તેમના પુત્રો વિશ્વ વિખ્યાત લોકસાહિત્યકાર મુંબઇના શ્રી સુનીલભાઇ ધોરડા અને શ્રી ગૌરાંગ ધોરડા દ્વારા આયોજીત સંતવાણીમાં બગસરાના લોકો અને વેપારીઓ ઉમટી પડવા થનગની રહ્યા છે.

# ૨૦ ઓક્ટોબરથી સ્કૂલોમાં દિવાળીની રજાની શરૂઆત

## બીજા શૈક્ષણિક સત્રનો ૧૧ નવેમ્બરથી પ્રારંભ : કાર્યક્રમને અમલી બનાવવા અધિકારીઓને પરિપત્રો મોકલી દેવાયા

અમદાવાદ,

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના નિર્ધારીત કાર્યક્રમ મુજબ ૨૦મી ઓક્ટોબરથી રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં દિવાળી વેકેશનનો પ્રારંભ થશે. આ દિવાળી વેકેશન ૨૧ દિવસનું રહેશે. એટલે કે ૧૧ નવેમ્બરથી શાળાઓમાં વેકેશન પૂર્ણ થશે અને બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. શિક્ષણ વિભાગના આ કાર્યક્રમના અમલ માટે તમામ જિલ્લા શિક્ષણ અધિકારીઓને પરીપત્રો મોકલી આપવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ દિવાળીના તહેવાર શરૂ થયાને પહેલા એટલે કે ૨૦મી ઓક્ટોબરથી રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં દિવાળી વેકેશન શરૂ થશે. આ વેકેશન ૨૧ દિવસનું રહેશે ત્યાર બાદ ૧૧ નવેમ્બરથી પ્રાથમિક શાળાઓમાં બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. આ વેકેશનના ૧૦ દિવસ પૂર્વે તમામ શાળાઓએ પરીક્ષાઓ પૂર્ણ કરવાની રહેશે. આ પરીક્ષાની કામગીરી પૂર્ણ થયા પછી ત્રણ દિવસ માટેનો શિક્ષણ તાલીમ કાર્યક્રમ યોજાશે. અગાઉ ૨૦મી ઓક્ટોબરથી દિવાળી વેકેશન શરૂ થતું હોવાનો મોટાભાગની શાળાઓમાં ૧૮ ઓક્ટોબર સુધીમાં પરીક્ષાઓ પૂર્ણ કરાય તેવું આયોજન કરાયું હતું. પરંતુ રાજ્ય સરકારના નવા આદેશ બાદ તમામ શાળાઓને પરીક્ષાના કાર્યક્રમ બદલવાની ફરજ પડી છે. ઉલ્લેખનીય છે કે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સાયન્સના પહેલા અને ત્રીજા સેમેસ્ટરની બોર્ડની પરીક્ષા આગામી ૧૩ ઓક્ટોબરથી ૧૮મી ઓક્ટોબર દરમ્યાન લેવામાં આવનાર છે. બીજી બાજુ સર્વ શિક્ષા અભિયાન હેઠળ સેવાકાલીન તાલીમ માટે અગાઉ ૧૦ દિવસની તાલીમ શિક્ષકો માટે નક્કી કરાઈ હતી. જ્યારે બાકીના ત્રણ દિવસની તાલીમ દિવાળી વેકેશન પહેલા પૂર્ણ કરવાની હતી ત્યારે હવે પ્રાથમિક શાળાની પરીક્ષાઓની તારીખોમાં ફેરફાર કરીને ૧૫મી ઓક્ટોબરથી ૧૭ ઓક્ટોબર દરમિયાન શિક્ષકો માટે ત્રણ દિવસની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

# અમરેલીમાં ગણેશોત્સવ ઉજવાયો

## અમરેલી પી.જી.વી.સી.એલ. રીક્રીએશન ફાઉન્ડેશન દ્વારા કરાયેલું ભવ્ય આયોજન

અમરેલી,

અમરેલીમાં પીજીવીસીએલ રીક્રીએશન ફાઉન્ડેશન દ્વારા ગણેશોત્સવ ઉજવાયો હતો. પી.જી.વી.સી.એલ. રીક્રીએશન ફાઉન્ડેશન અમરેલી દ્વારા ચિતલ રોડ પણ આવેલા પાવર હાઉસના કમ્પાઉન્ડમાં ભવ્ય ગણેશોત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગણેશજીની સ્થાપના શોભાયાત્રાથી લઈને વિસર્જન સુધીનાં દશ દિવસ રોજ સવાર - સાંજ પુજા આરતી કરી કર્મચારીઓએ ધન્યતા અનુભવી આ સમગ્ર ઉત્સવ દરમિયાન વિવિધ કાર્યક્રમો જેવા કે નાગનાથ ધુન મંડળ કાર્યક્રમ, શ્રી હનુમાનજીનાં સુંદરકાંડના પાઠ, આર્ટ ઓફ લીવીંગના સ સંગનો કાર્યક્રમ અન્નકુટના દર્શન તેમજ ૧૦૮ દીપની મહાઆરતીનો કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં સમગ્ર કર્મચારીગણો એ તેમજ અન્ય લોકોએ પરિવાર સહિત ઉત્સાહભેર ભાગ લઈ આ ઉત્સવ મનાવ્યો હતો. આ ઉત્સવનો હેતુ કર્મચારીઓની એકતા તમજ પારિવારીકો ભાવના મજબુત બને તે માટેનો હતો. તેમજ આ ઉત્સવ દરમિયાન પીજીવીસીએલમાં ટેકનીકલ કર્મચારીઓ સેફટીના સાધનોનો ઉપયોગ કરીને જે પોતાની ફરજ બજાવે જેથી વિજ અકસ્માત નિવારી માનવજીંદગી બચાવી શકાય તથા જાહેર જનતાને વિજકટોકટીને ધ્યાનમાં લઈ વિજ બચત માટેનો સંદેશ આપવાનો હતો.

ફાઉન્ડેશનના પ્રમુખશ્રી અને અધિક્ષક ઈજનેર શ્રી સી.જી.ચપલાના માર્ગદર્શન હેઠળ આ કાર્મક્રમને સફળ બનાવવા ફાઉન્ડેશનના હોદેદારોશ્રી પી.પી.જાનીભાઈ, શ્રી નિકુલભાઈ સોજીત્રા, શ્રી મુરતુભાઈ ત્રવાડી તેમજ ટ્રસ્ટી શ્રીઓ શ્રી ડી.આર.મહેતા, નિરજભાઈ સંપટ, અમિતભાઈ ધાધલ, પંકજભાઈ ભુવા, દિગ્વીજય સોરઠીયા, શૈલેષભાઈ બુમતારીયા, શ્રી ડી.પી.રાદડીયા, ભાવેશભાઈ પટેલ તેમજ વિપુલભાઈ ત્રિવેદી, તેજસભાઈ ત્રિવેદી, તથા હરેશભાઈ ગોહિલે ભારે જહેમત ઉઠાવી હતી.

પહેલા પાનાનું

### મંજુરી

તાજેતરમાં વરસાદથી રોડનું પણ ધોવાણ થયુ છે તેથી આંતરિક બે હજાર કીલોમીટર રોડમાં પેચવર્ક અને સાઈડ કટીંગ કરવા ડીઝાઈન લેઆઉટ મંજુર કરી કામગીરીને મંજુરીની મહોર મારી છે. આગામી દિવસોમાં આ કામગીરી શરૂ થઈ જશે તેમ જાણવા મળે છે.

શ્રી શરદભાઈ લાખાણીના નેતૃત્વમાં મળેલી બેઠકમાંશ્રી રામભાઈ સાનેપરા, મયુરભાઈ, વિજયભાઈ યાદવ, કમલેશભાઈ, દિપકભાઈ માલાણી, કાર્યપાલક ઈજનેર શ્રી કોટક સહીત ઉપસ્થિત રહયા હતા તેમ જણાવ્યુ છે.

### બાળ આરોપી

હવાલે કરાયો હતો.

અમરેલી શહેરના સીટી પી.આઈ.શ્રી યુ.કે. મકવાની ફરજમાં રૂકાવટ અને મારી નાખવાની કોશીષના ગુનાની તપાસમાં સી.પી.આઈ.શ્રી કે.એમ. પરમારે આરોપી સવાલેહબાનુ મહમદ બીલાલ અને મહમદ બીલાલ પડાયાની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે જેલ હવાલે કરેલ ત્રીજા આરોપી ઈરફાન બીલાલ (ઉ.વ.૧૭)ને રીમાન્ડ હોમમાં રજુ કરતા તેને રાજકોટ ઓબ્ઝવર હોમમાં મોકલવા આદેશ થતા તેને રાજકોટ ઓબ્ઝવર હોમ હવાલે કરેલ છે.

છેલ્લા પાનાનું

### ટલ્લે ચડયો

દેવાયુ હોય તેમ હજુ કામગીરી પુર્ણ થઈ નથી થોડા સમય પહેલા સિંચાઈ વિભાગ દ્વારા ચાલુ ચોમાસા દરમ્યાન બાકી કામગીરી પુરી કરી ૧૦ ફુટથતી વધુ ડેમ ભરવામાં આવશે.તેવી વાતો બહાર આવી હતી પરંતુ હાલના સંજોગો જો તો તે શકય હોય. તેમ લાગતુ નથી પોણા ભાગનું ચોમાસુ પુરૂ થવામાં છે તે દરમ્યાન બાકી કામગીરી પુરી કરી ૧૦ ફુટથી વધુ ડેમ ભરવામાં આવશે તેવી વાતો બહાર આવી હતી પરંતુ હાલના સંજોગો જોતા તે શકય હોય તેમ લાગતુ નથી પોણા ભાગનું ચોમાસુ પુરૂ થવામાં છે. તે દરમ્યાન ઠેબી નદીમાં અનેક વખત ભારે પુરતા પાણી આવ્યા અને વહી ગયા હવે આ ભાગના ચોમાસાના પાછોતરા વરસાદમાં જળસંગ્રહ થઈ શકે તેવુ લાગતુ નથી હવે અમરેલીની જનતાને પાણી માટે મહી યોજના આધારીત રહેવુ પડે તેવો સંજોગો ઉભા થયા હોવા તેવુ લાગી રહયુ છે ત્યારે નગરપાલિકાથી માંડી રાજય અને કેન્દ્ર સરકારમાં બેઠેલા કહેવાતા લોક પ્રતીનિધીઓ પાણી પ્રશ્નનો વહેલી તકે ઉકેલ લાવી લોકોને અચ્છેદીનનું સ્વપ્ન સાકાર કરાવી લોકહીતને પ્રાધાન્ય આપે તેમ અંતમાં જમાલભાઈ મોગલે જણાવ્યુ છે.

### એકનું મોત

એક યુવાન નું ઘટના સ્થળે જ મોત થયુ હતુ રીક્ષામાં ચાર વ્યક્તિ બેઠા હતા તેમાં રીબી અબ્બાસ મુસ્તુફા સોરઠીયા રહેવાસી રાજુલા ઉંમર વર્ષ ૧૮નું કમકમાટી ભર્યુ મોત નીજપતા અરેરાટી વ્યાપી ગઈ હતી જયારે બર્સિશા ગફારશાને ગંભીર ઈજા થતા તાત્કાલીક મહુવા હોસ્પિટલમાં ખસેડેલ છે. શહેરના બિડી કામદાર સર્જાતા લોકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી બનાવની જાણ થતા એમ્બ્યુલન્સના ડ્રાઈવર અશોકભાઈ ગોહિલ સહીત અનેક સેવાભાવીઓ તેમજ પોલીસ કોન્સ્ટેબલ લઘુભા પણ દોડી ગયા હતા અને જરૂરી વ્યવસ્થા કરી હતી.અત્રે ઉલ્લેખનીય છતી. કે બાયપાસમાં હજુ પણ મોટા ડીવાઈડર નહી મુકાય તો મોટો અકસ્માત થવાની શકયતાઓ છે તેથી સાઈડ ડીવાઈડરની લોકમાંગણી ઉઠી છે.

આલેલે આ તો સરકારી નાણા સોનાની ભીંત ઉપર એ કહેવતે ય ખોટી પડી....

# અમરેલીના પૂર્વ શિક્ષીકાનું ૧૪ વર્ષથી પીએફ-સીપીએફ મળતુ નથી

## કમિશ્નરને રૂબરૂ રજુઆત કરી છતા કોઈ જાતનો નિકાલ નથી : જો હયાતીમાં હક્કના નાણા ન મળે તો એ નાણાનો મતલબ શું ?

અમરેલી,અમરેલીના પૂર્વ શિક્ષીકાનું ૧૪ વર્ષથી પી.એફ.સીપીએફ મળતુ નથી તેથી કમિશ્નરન રૂબરૂ રજુઆત કરી છતા કોઈ નિકાલ આવ્યો નથી તેથી રોષિત બનેલ છે.આ અંગે જાણવા મળતુ અમરેલી કમાણી ફોરવર્ડ ગુજરાતી પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે હંસાબેન અનંતરાય દવે સર્વિસ કરતા હતા તે વખતે પી.એફ. સીપીએફ નિયમીત પગારમાંથી કપાતુ હતુ અને ૨૦૦૦ની સાલમાન કોઈપણ કારણ વગર શાળા બંધ કરી દીધી પણ શાળા બંધ થયા પછી ભવિષ્ય નિધી ઓફિસ અમદાવાદ રૂબરૂ કમિશ્નરે વાત કરી અને અરજી આપી છતા ૧૪ વર્ષથી પી.એફ સીપીએફ મળતુ નથી તે ઉપરાંત ભવિષ્યનિધી ઓફિસ અમદાવાદે સંસ્થાના બેંક એકાઉન્ટમાંથી ૬ લાખ વસુલ કરી લીધા હતા પૈસા ચુકવતા નથી આ અંગે કોઈ કોર્ટ મેટર પણ નથી છતા પોતાની મરણ મુડી મળતી નથી. બધા શિક્ષક ભાઈ બહેનોની ૬૦ થી ૭૦ વર્ષથી વટાવી ગયો છે છતા સંસ્થા કે પીએફ ઓફિસ કોઈ જવાબ આપતુ દથી ઘણી બહેનો વિધવા ત્વકતા છે હાલ ઉછીના પાછીના લઈ જીવન નિર્વાહ કરે છે. જેનો પી.એફ ઓફિસ ફાઈલ નં.૧૯૦૪૯ છે. તેમને યોગ્ય ન્યાય મળે તેવી વિનંતી હંસાબેન અનંતરાય દવે અને ૭ શિક્ષકોએ સામુહિકરીતે કર્યાનું અખબારી યાદીમાં જણાવ્યુ છે.


૧૯૯૬ થી અમરેલીમાં દર ગુરૂવારે નિયમીત મળે છે
હરસ-મસા ફિશર ?
ઓપરેશન વિના, ચેકીંગ વિના
અનુભવ સિધ્ધ આર્યુ.ઉપચાર મળો.
વૈદ્ય દિનેશભાઈ ગોરધનદાસ(આર્યુ રત્ન) (જુનાગઢ વાળા)
રામ ભરોસે ગેસ્ટ હાઉસ ટાવર ચોક અમરેલી
મો.૯૮૨૪૩ ૫૦૬૮૮

શ્રી ખોડલ ટ્રર્સ
ન્યુ બ્રાન્ડ - અર્ટીગા, ઝાયલો, ઈનોવા, સ્કોર્પીયો, ટાવેરા વગેરે ગાડીઓ ભાડેથી મળશે.
જયંતીભાઈ બાંભરોલીયા
મો.૯૯૭૮૭ ૮૪૧૧૪/ ૯૭૨૭૭ ૯૯૨૯૯
એફ.૫૯ જીલ્લા પંચાયત રોડ, સરદાર શોપીંગ સેન્ટર અમરેલી.

અવધ ટાઇમ્સ
ડીંગ ડોંગ ડીસ્પ્લે જાહેરખબર
ચમત્કારીક પરિણામો મેળવવા માટે
આપની જાહેરખબર આપવા અવધ ટાઇમ્સ કાર્યાલયનો સંપર્ક સાધો.

ધમાકેદાર કોમ્બો ઓફર
LED + DVD + Home Theater + D2H
વીડીયોકોન કીટ ફ્રી મેળવો
ફકત રૂા. ૯,૯૯૯ / + ૨૯૦માં (લીમીટેડ સ્ટોક)
મેહુલ સેલ્સ એન્ડ સર્વિસ
બાબરા, ફોન. ૦૨૭૯૧ - ૨૩૪૦૪૦
મો. ૯૯૨૫૯ ૩૩૫૫૯ - ૯૪૨૯૬ ૮૯૧૯૬

"ભુકંપ" હવે સૌ પ્રથમ અમરેલી શહેરમાં
૬૦ ફોટાનો ગયો જમાનો, ૧૩૨ નો આવ્યો જમાનો
અરજન્ટ રૂા. 30 માં ૧૩૨ પાસપોર્ટ ફોટા તે પણ અરજન્ટ લેતા જ જાવ
કોઈપણ સાઈઝનો એક ફોટો બનાવો સાથે તેજ સાઈઝનો ફોટો ફ્રી
ફોટોકલબ ડીજીટલ
ભીડભંજન મંદિર સામે, શ્રધ્ધા કોલ્ડ્રીક્સની ઉપર અમરેલી મો. ૯૪૨૯૧ ૩૯૭૫૬

Delight international
પાસપોર્ટ : વિઝા
100% JOB
સિંગાપોર, અમેરીકા મલેસીયા
મહિને ૬૦ હજારથી ૧.૫૦ લાખ સુધી કમાઓ
૫-૭ બીજો માળ સરદાર કોમ્પલેક્ષ જિલ્લા પંચાયત રોડ અમરેલી
અમરેલી - ૭૦૪૧૨૫૨૮૫૫

ડો. મનાલી ભાડ (બી.ડી.એસ.)
દાંતના રોગોના નિષ્ણાંત
૦ દાંત કઢાવવા ૦ ડહાપણની દાઢનું ઓપરેશન કરી કાઢવી ૦ દાંતના મુળની સારવાર ૦ દાંતની બત્રીસી બનાવવી દરરોજ નિયમિત મળશે.
શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
કેરીયારોડ, અમરેલી ફોન નં. ૨૨૯૫૮૦

શિવ યાત્રા પ્રવાસ
દિવાળી વેકેશન ૨X૨ સ્લીપીંગ
ભાઈબીજ - યમુના સ્નાન - ગંગા સ્નાન દિલ્હી - આગ્રા - હરીદ્વાર - મથુરા - જયપુર
રહેવા જમવા - દિન ૧૩-૧૪ તા. ૧૨-૧૦-૧૪
ગોવા - શીરડી - લોનાવાલા - મહાબળેશ્વર
દિવસ-૯, તા. ૩૧-૧૦-૧૪ A.C.સ્પેરૂમ, બ્રેકફાસ્ટ, લંચ, ડીનર
મમતાબેન મો. ૯૦૯૭૫ ૯૦૯૭૬, ભરત પટેલ મો. ૯૮૨૫૭ ૬૭૩૯૩ અમુભાઈ અમરેલી મો. ૮૧૪૧૮૯૭૮૩૬

કલકતા એક્સપ્રેસ
કલકતી તથા ઢાકાઈ સિલ્ક કોટન સાડીકાશ્મીરી ભરતની સાડી, ડ્રેસીસ, બેડસીટ, હેન્ડલુમ, શોર્ટ કુર્તી, કલકતી ચીકન ચણીયા
રીયલ મોતીસેટ
દ્વારકાદાસ પટેલના ડેલા અંદર હઠીલા હનુમાન પાસે, અમરેલી - ફોન પર સંપર્ક કરીને આવવુ
નિખીલભાઈ મો. ૯૯૦૯૭ ૧૪૯૯૦, ૯૭૨૪૫ ૬૫૩૦૧

સાનુભાઈ ખમણવાળાના પ્રખ્યાત...
નાયલોન ખમણ કોરા/વઘારેલા, પાત્રા, સેન્ડવીચ ઢોકળા, ઈદડા
સ્પે. સેવખમણી
શ્રી દાનગીગેવ ખમણ હાઉસ
બહારના ઓર્ડર ઉપર પુરતુ ધ્યાન આપવામા આવશે...
લક્ષ્મીનારાયણ મંદિર સામે, અવધ ડેરીની બાજુમા, સ્ટેશન રોડ, અમરેલી મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧, ૯૪૨૮૭ ૯૪૦૪૧

દિવાળી વેકેશન પ્રવાસ
GOA મહાબળેશ્વર, પંચગીની લોનાવાલા, ખંડાલા, એસેલવર્ડ, શિરડી, નાસિક, ત્ર્યંબકેશ્વર, સાપુતારા...
ઉ.તા. ૨૫-૧૦-૧૪, દિ - ૧૦
સગવડતા :-હોટલમાં સ્પે. રૂમ, સ્લીપરબસ, બ્રેકફાસ્ટ, લંચ, ડિનર
પાટીદાર ટુરિઝમ - અમરેલી
ધીરૂભાઈ - ૦૯૯૨૫૫૪૪૪૬૩- ભાવેશભાઈ - ૦૯૪૨૮૩૪૩૨૦૭
www.patidartourism.webs.com

સરકારી નોકરીયાત માટે...G.T.U.
C.C.C. ની પરીક્ષામાં પાસ થવાની ગેરંટી
રજીસ્ટ્રેશન ચાલુ છે
વહેલા તે પહેલાના ધોરણે
ઝીલ કોમ્પ્યુટર મોના આર્કેડ, બીજા માળે
મો. ૯૪૨૬૪ ૪૩૯૨૩

ખેડુતો માટે ખુશ ખબર
બેટરી વાળો પંપ
ફકત રૂા. ૨૫૫૦/- માં
સ્પેશ્યલ સબસીડી બાદ કરીને એગ્રીફીટ પંપ ફકત ૨૫૫૦/- રૂપીયામા મળશે આ સ્કીમ મેઘદુતમાં પણ લાગુ પડશે
મેઘદુત એગ્રો સ્પ્રેયર્સ અમરેલી મો.૯૮૯૮૩૯૮૭૪૭
મેઘદુત એગ્રો સ્પ્રેયર્સ - સાવરકુંડલા મો. ૯૮૨૪૯૨૮૦૯૫ - ૯૮૭૯૨ ૮૦૭૮૨
(ગ્રુપ ગ્રાહકો માટે ફ્રી ડિલેવરી)

જવાહર નવોદય વિદ્યાલય
૧૫૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવનાર સફળ કલાસીસ દ્વારા શિક્ષણકાર્ય
ફોર્મ બહાર પડી ગયેલ હોય
ઈચ્છુક વિદ્યાર્થી/વાલી તુરંત સંપર્ક કરો
મો.૯૯૨૫૩૩૦૫૮૧
મો.૯૪૨૯૪૩૩૦૩૧
ફોર્મ તથા માહિતી વિનામુલ્યે મળશે
વિદ્યાવિહાર સંકુલ, ટાવર રોડ, શાકમાર્કેટ સામે બીલખીયા ગેસ એ. ઉપર અમરેલી.

CCC & CCC+
Aifd
MO. 88661 80834

ઠક્કર ખમણ
સ્પે. સેવખમણી • ઈડલી સાંભાર • પાત્રા • મસાલેદાર મગ ચણા
સુરતી ખમણ મેળવવા માટે સંપર્ક કરો.
લાયબ્રેરી રોડ, નાલંદા સ્કુલ પાસે, અમરેલી

મકાન વેચવાનુ છે
ઠે.ગુણાતીતનગર, સહજાનંદની બાજુમાં કામધેનુ ગૌશાળા સામે
બે રૂમ, રસોડુ, આગળ પાછળ દરવાજો ફળીયામાં અંડરગ્રાઉન્ડ ટાંકો
વ્યાજબી કિંમત
મો. ૯૯૭૮૫ ૧૫૩૩૩ - ફકત લેનારે જ ફોન કરવો

ટ્રી ગાર્ડ
નાના વૃક્ષનું જતન પ્રાણીઓથી વૃક્ષની સુરક્ષા માટે નાના મોટા ટ્રીગાર્ડ બનાવી આપીશુ
પ્લોટ નં. ૫૬, ઉધોગનગર, સાવન ઓઈલમીલ સામે અમરેલી ફોન નં. ૮૪ ૯૦ ૯૭ ૯૧ 33

મોકાનુ કોર્નરનું મકાન વેચવાનુ છે
મણીનગરમાં બે રૂમ રસોડુ, સંડાસ બાથરૂમ ફળીયુ
કિં.રૂા. ૧૧ લાખ
મો. ૯૯૨૫૪ ૦૭૩૮૩

શ્રી ગણેશ ડાઈનીંગ હોલ : કેટરર્સ

અવધ હોમીયો કેર
ડો. હાર્દિક ડી.કાથરોટીયા B.H.M.S.(કન્સલ્ટીંગ હોમીયોપેથ)
મો.૮૦૦૦૧ ૪૦૧૫૦ - ૯૦૩૩૦ ૮૭૪૬૬
વજન ઘટાડવા માટે અવશ્ય મળો
સચોટ અને આડઅસર રહિત હોમીયોપેથીક પધ્ધતી દ્વારા વજન ઉતારવું બન્યુ એકદમ સરળ.
સ્થળ :- હિરામોતી ચોક, લીલીયારોડ, અમરેલી

શું આપને પાસપોર્ટ બનાવો છે ?
ફકત એક ફોન લગાવો અથવા SMS
WhatsApp
મો. 93766 58652

નવરાત્રી નિમિતે ખાસ ઘટાડેલા ભાવે
મંત્રકીટ તેમજ શંખ, જાલર, નગારાના અવાજવાળા સાઉન્ડ નાની મોટી સાઈઝમાં આજે જ ખરીદો
સ્વામી ઈલેક્ટ્રોનીક્સ
પરમાનંદ માર્કેટ, ટાવર રોડ, પંજાબ બેન્કની બાજુમાં
મો. ૯૮૯૮૨૪ ૮૭૮૯

ભાડે આપવાની છે
માર્કેટયાર્ડ અંદર પંચનાથ મંદિર પાછળ ફર્સ્ટ ફ્લોર દુકાનની સાઈઝ ૨૦X૨૧ ફુટની ૩ દુકાન ભાડે આપવાની છે
મો. ૯૫૮૬૨ ૧૪૦૦૮

માઈક સેટની દુનિયામા નંબર ૧ કંપની
આહુજા
ની વીશાળ રેન્જ હાજરમાં ઉપલબ્ધ તેમજ પ્રોફેશ્નલ ડી.જે.ની તમામ રેન્જ ખરીદવાનુ વર્ષો જુનુ વિશ્વાસ પાત્ર સ્થળ
રાજેશ રેડીયો સર્વીસ (ભુવાભાઈ)
હરી રોડ, અમરેલી ફોન ૨૨૨૪૪૯, ૯૮૨૪૬ ૮૪૬૬૬

*આ છે તળશહેરનો જાણીતો છતાયે અજાણ્યો ચહેરો : લીલીછમ્મવેલી અમરેલી ખાલી શિક્ષણનગરી જ નથી પણ ધર્મનગરી પણ છે*

# અમરેલીના એક જ વિસ્તારમાં ૫૫ ઉપરાંત ધાર્મિક સ્થળો

## જુના અમરેલી શહેરનો મહત્વનો ભાગ સંવેદનશીલ એવો ચોરાપા છે

## ચોરાપા વિસ્તારમાં ૫૫ ધાર્મિક સ્થાનોમાં ૨૧ ડેરીઓ તો હનુમાનજીની : અહી માં જગદંબાના પણ બેસણા, દેરાસરો, અપાસરા અને દેવાધિદેવ મહાદેવ અને ભગવાન રામના પણ પ્રાચીન મંદિરો છે

## અમરેલીના અતિ પ્રાચીન મંદિરો પૈકી વૈજનાથ મહાદેવ મંદિર ચોરાપામાં છે

**સ્પેશ્યલ રિપોર્ટ**

અમરેલી,

ગાયકવાડી શિક્ષણ પામેલા અમરેલી શહેરની છાપ શિક્ષણનગરી તરીકેની તો છે જ પણ એક ઓર વિશેષતા આ શહેરની છે અને તે છે ધર્મનગરી તરીકેની.

અમરેલીનો એકાદ કિલોમીટરનો વિસ્તાર એટલે ઉતર દીશામાં રૂપમ સીનેમાથી દક્ષિણ દીશામાં જયહીન્દ સીનેમા આથમણે પાણી દરવાજા અને ઉગમણે નાનુ બસસ્ટેન્ડ એટલે રાજકમલ ચોક આ વિસ્તાર તળ અમરેલીનો ગણાય છે.

જુનું અમરેલી આટલુ જ હતું પણ આ વિસ્તારમાં એક સમયે ખાડીયા ના નામે જાણીતા ચોરાપા વિસ્તારમાં તો બ્રહમ સમાજની સૌથી વધારે વસતી છે અને આ નાના એવા વિસ્તારમાં ધામિક સ્થળો ગણયા ગણાય નહી એટલી સંખ્યામાં છે.

અમરેલીના ઉચાઈ ઉપર આવેલા ચોરાપા વિસ્તારમાં શહેરમાં કયાંય ન હોય તેટલા ધાર્મિક સ્થળો પુષ્કળ પ્રમાણમાં આવેલા છે અહી એક પણ ગલી કે ખાંચો ધાર્મિક જગ્યા વગરનો નથી એકલા ચોરાપામાં જ ૫૫ હિન્દુ સમાજના ધાર્મિક દેવસ્થાનો આવેલા છે અને તેમાય ૨૧ ડેરી તો અંજનીના જાયા હનુમાનજીની છે કારણ કે એક પણ શેરી અહી હનુમાનજીના બેસણા વગરની નથી સાથે સાથે સ્વામી નારાયણ મંદિરો અને જૈનસમાજની આસ્થા સાથેના દેરાસરો અને અપાસરા પણ છે તો ભગવાન રામજીનું રામજીમંદિર ચોરો પણ છે અને અમરેલીનું નાગનાથ અને કામનાથ કરતા પણ જુનું એવુ વૈજનાથ મહાદેવનું મંદિર આવેલ છે અહીં ગઢની રાંગે કબીર આશ્રમ આવેલ છે પાણી દરવાજે પીપળેશ્વર મહાદેવ મંદિર પણ છે તો ઘણા પરિવારોની કુળદેવીના મઢ પણ છે.

## જુના અમરેલીના ચોરાપાના અર્ધા કીલોમીટરના વિસ્તારમાં શહેરને વારાણસી બનાવતા દેવસ્થાનોની આછેરી આ છે એક તસવીરી ઝલક



*અમદાવાદમાં જેમ ખાડીયા વિસ્તાર હતો તેમ ચોરાપા ખાડીયા કહેવાતુ હતુ*

# અમરેલીમાં જયારે કોમી તંગદીલી ઉભી થાય એટલે સૌ પહેલા દેરાસરે પોલીસ બંદોબસ્ત મુકાય જાય

**ચોરાપાના પ્રવેશ દ્વારે આવેલા જૈનદેરાસર ચોક અને ચોરાપા હજુ પણ સર્વેદનશીલ ગણાય છે**

**તાજેતરની ઘટનામાં જ હિન્દૂ દુકાનને તોફાનીઓએ નિશાન બનાવી સળગાવી દીધી હતી**



તા. ૪-૫-૨૦૧૩ની એસઆરપીની હાજરીમાં સળગાવી દેવાયેલ દુકાનની ફાઈલ તસવીર

અમરેલી,

અમરેલીનો ચોરાપા વિસ્તાર સંવેદનશીલ ગણાય છે. ભુતકાળમાં જયારે જયારે અમરેલીમાં કોમી તંગદીલી સર્જાય તો સૌ પહેલા ચોરાપાના નાકે આવેલા જૈન દેરાસર ચોકમાં પોલીસ પહેરો લાગતો અને ભુતકાળ જ નહી પણ હમણા દોઢે વર્ષ પહેલા જ રૂપમ ટોકીઝ પાસે થયેલી થયેલી કોમી અથડામણમાં જૈન દેરાસર પાસેથી જ તોફાનીઓના ટોળાએ આતંક મચાવેલ અને એસ આર પીના બંદોબસ્ત વચ્ચે પણ રાત્રે દેરાસર નજીક એક હિન્દુ દુકાન સળગાવી દેવામાં આવી હતી.એટલે હજુ પણ આ વિસ્તાર હાઈપર સેન્સેટીવ ગણી શકાય તેમ છે.

## અમરેલીના અનેક ભાગો હજુયે બીનખેતી થયા નથી

અમરેલી,

અમરેલી શહેરનો ચોરાપા જુનુ અમરેલી શહેર ગણાય છે અને પાણી દરવાજાથી રાજકમલ ચોક સુધી અને રૂપમ ટોકીઝથી જયદીન્દ ટોકીઝ સુધી જુનુ અમરેલી શહેર ફેલાયેલુ હતુ પણ ત્યાર બાદના વિસ્તારો પછી વિકસ્યા હતા.

દાખલા તરીકે માણેકપરા વિસ્તારમાં મોટાભાગના મકાનો બીનખેતી કરાયા નથી એજ પ્રકારે ચિતલ રોડ ઉપર પણ ઘણા મકાનો બીનખેતી નથી કરાયા.

*શાંતિપ્રીય અમરેલી શહેરમાં ધુંધવાતો ભારેલો અગ્નિ*

# અમરેલીના તળ વિસ્તારમાં મિલકતોને પડાવી લેવાની રીતસર હોડ લાગી છે

**તળ અમરેલી શહેરમાં યેનકેન પ્રકારે મિલકતો લઇ લેવાના પ્રયાસો સામે ગમે ત્યારે કોમી ભડકો થવાની પુરી સંભાવના**

અમરેલી,

અમરેલીમાં મિલકતોના ભાવો આસમાનને આંબી રહયા છે અને શહેરના તળ વિસ્તાર એટલેકે ચોરાપા અને ટાવર તથા પાણી દરવાજા વિસ્તારોમાં હિન્દુઓની મીલકત પડાવી લેવા માટે રીતસર હોડ લાગી છે અને તેને કારણે હિન્દુ સમાજમાં ભારેલા અગ્નિ જેવી હાલત લગભગ ત્રણેક વર્ષથી છે અને વખતો વખતની દરમિયાનગીરીને કારણે મામલો બીચકતા અટકી જાય છે પણ હવે માથાકુટ થાય તેવા અણસારો દેખાઈ રહયા છે.

*અતિ સંવેદનશીલ એવું તળ અમરેલી ભારેલા અગ્નિની ટોચે બેઠુ છે*

# તળ અમરેલી શહેરમાં અશાંત વિસ્તારધારો લાગુ કરવા મુખ્યમંત્રી સુધી રજુઆત થઇ છે

**તાજેતરની લોકસભાની ચૂંટણી વખતે આ વિસ્તારે મતદાન બહિષ્કારનુ પગલુ પણ ઉઠાવ્યું હતુ**

**જો અશાંત વિસ્તારધારો લાગુ નહી થાય તો અમરેલીમાં કોમીનલ થાય તેવી પુરી શકયતાઓ**

અમરેલી, જુના તળ અમરેલી શહેરમાં છેલા ત્રણેક વર્ષથી ચાલી રહેલી હિલચાલને પગલે આ વિસ્તારના રહીશો દ્વારા ગત લોકસભાની ચુંટણીનો પણ બહિષ્કાર કરાયો હતો અને એવી માંગણી કરાઈ હતી કે ચોરાપા વિસ્તારમાં અશાંત વિસ્તાર ધારો લાગુ કરવો જેનાથી જે કોમની મીલકત હોય તે જ કોમને વેંચી શકાય અને કોમી એખલાસ જળવાઈ રહે પણ તંત્રએ અત્યાર સુધી કોઈ ધ્યાન આપ્યું નથી આ પ્રશ્ને આ વિસ્તારના રહીશોને મુખ્યમંત્રી સુધી પણ રજુઆત કરી છે અને તંત્ર દ્વારા કોઈ પગલા હજુ સુધી લેવાયા નથી અહી હાલમાં સ્થિતી એવી છે કે મિલકતો લેવા માટે થતી સહેજ પણ હીલચાલને પગલે આ વિસ્તારમાં તરત જ ટેન્શન થઈ જાય છે અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પણ અહી દરમિયાનગીરી થાય તેવુ આ વિસ્તારના લોકો ઈચ્છી રહયા છે.જો તંત્ર દ્વારા તાકીદે પગલા નહી લેવાય તો ગમે ત્યારે ભડકો થવાની શકયતા છે.

# ધારી ચલાલા કોળી સમાજ દ્વારા સાંસદ સન્માન કાર્યક્રમ

ગઢિયા ચાવંડ પાસે માતાજીના પ્રસાદનું ભવ્ય આયોજન : શ્રી પરશોતમભાઈ સોલંકી, શ્રી હીરાભાઈ સોલંકી, શ્રી શરદ લાખાણી સહિતના અનેક આગેવાનોને અપાયેલા નોતરા

ધારી, ધારી તથા ચલાલા સકસ્ત કોળી સમાજના ઉપક્રમે ધારી તાલુકાના ગઢિયા ચાવંડગામે માં ચામુંડા માતાજી મંદિર ખાતે તા. ૨૮/૯/૧૪ રવિવાર સવારે ૯:૦૦ કલાકે સાંસદ સન્માન તથા માતાજી પ્રસાદનું ભવ્ય આયોજન થયેલ છે. આ સાંસદ સન્માનમાં કોળી સમાજના સાંસદશ્રી લીલાધરભાઈ વાઘેલા (પાટણ), શ્રી દેવજીભાઈ ફતેપરા (સુરેન્દ્રનગર), શ્રી ડો. ભારતીબેન શિયાળ (ભાવનગર), શ્રી રાજેશભાઈ ચુડાસમા (જુનાગઢ) સાથે અમરેલી જિલ્લાના સાંસદ નારણભાઈ કાછડીયા રહેશે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને પૂર્વ રાજ્ય કક્ષામંત્રીશ્રી પરશોતમભાઈ સોલંકી (ભાવનગર)તથા મુખ્ય મહેમાન પદે અમરેલી જિલ્લાના લોક લાડીલા નેતા હિરાભાઈ સોલંકી (ધારાસભ્ય–રાજુલા જાફરાબાદ)રહેશે સાથે ધારાસભ્ય, જિલ્લા પંચાયત પ્રમુખ, પદાધીકારી વગેરે મહાનુભવ હાજરી આપશે. ધારી ચલાલા સહિત જિલ્લા ભરના કોળી સમાજમાં અનેરો ઉત્સાહ સાથે સાંસદને સન્માનીત કરાશે. સમગ્ર આયોજનની દેખરેખ ધારી યુવા કોળી સમાજ પ્રમુખશ્રી હરેશભાઈ મકવાણા તથા શંભુભાઈ મકવાણા, અશોકભાઈ મેટાળીયા, લાલજીભાઈ પાટડીયા, ચલાલા પ્રમુખ મનસુખભાઈ સાપરીયા, શૈલેષભાઈ પાટડીયા,વિક્રમભાઈ ડાબસરા, મુન્નાભાઈ સાપરીયા સહિત ગ્રામ્ય સરપંચ, અગ્રણીઓ દ્વારા તડામાર તૈયારી થઈ રહેલ છે.

ડો. મનાલી ભાડ
(બી.ડી.એસ.)
દાંતના રોગોના નિષ્ણાંત
શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
ફોરવર્ડ રોડ, અમરેલી ફોન નં. ૨૨૨૫૪૮૦

ગોકુલ ફર્નીચર

શ્યામ
કાઠીયાવાડી ભોજન કેટરર્સ
શ્યામ ડાઇનીંગ હોલ

ઓપરેશન વિના
હરસ-મસા
ફીશરની સારવાર
ડૉ. ચેતન બનજારા B.H.M.S.

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ
અમરેલી તા.૧૮-૯-૨૦૧૪ ગુરુવાર
પાના નં ૬

# જય માતાજી યુવા ગૃપ દ્વારા રાજુલામાં નવરાત્રી મહોત્સવની તડામાર તૈયારી

**કોઈજાતની એન્ટ્રી વિના પ્રવેશ : પ્રાચીન અર્વાચીન, પરંપરાગત રીતે રાસગરબા, લોકડાયરા સહીતના કાર્યક્રમો : ખેલૈયાઓમાં વ્યાપેલો ભારે ઉત્સાહ : ગ્રાઉન્ડ ટૂંકુ પડે તેટલી જનમેદની ઉમટી પડશે**

રાજુલા, રાજુલા શહેરમાં જયમાતાજી યુવા ગૃપ દ્વારા મહિલા નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન થયુ છે. આ મહોત્સવમાં કોઈ જાતની એન્ટ્રી ફી નથી. મહિલા પાર્ટી પ્લોટમાં ખેલૈયાઓની પડાપડી થઈ રહી છે. બીજા નોરતાથી જ ગ્રાઉન્ડ પેક થઈ જાય તેવી સ્થિતી છે. રાજુલા શહેરમાં ઠેર ઠેર નવરાત્રી પાર્ટી પ્લોટ યોજાય છે પરંતુ રાજુલામાં જય માતાજી યુવા ગૃપે નવતર આયોજન કર્યુ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ જય માતાજી યુવા ગૃપ દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે. માત્ર મહીલાઓને જ એન્ટ્રી છે બીજી તરફ મહિલા ખેલૈયા છે પણ ઉમટી પડી છે. અહી હજારો રૂપિયાના ખર્ચે ઈનામોની વણજાર વહેતી થાય છે. શહેરના હીડોરણા રોડ, ગોકુલનગર, શ્રીજીનગરના મેદાનમાં પણ આયોજન થયુ છે રાજુલા અને જાફરાબાદ, ખાંભા તાલુકાના ખેલૈયાઓ ઉમટી પડી છે તેમ વિશાળ ગ્રાઉન્ડ ઉભુ કરાવ્યુ છે. આ વર્ષે નવરાત્રી મહોત્સવમાં કલાકારો જસવંતી બેન ચુડાસમા, આશિષભાઈ જાની, ભરતભાઈ બોરી સાગર અને રીધમ બીટના હેમાંગભાઈ ટાંકના તાલીમથી ખેલૈયાઓ ઝુમી ઉઠશે. રીધમ ગૃપનું સમગ્ર સૌરાષ્ટ્રમાં નામ છે નવરાત્રી નિમીતે પોલીસ દ્વારા પણ ચાંપતો બંદોબસ્ત ગોઠવાય છે ઉપરાંત જય માતાજી યુવા ગૃપ દ્વારા પણ બાજ નજર રાખવામાં આવે છે અહી અસામાજીક તત્વોનો કોઈ કાકરીચાળો જોવા મળતો નથી.

# રાજુલાનાં મોરંગીમાં ગૌશાળાનાં લાભાર્થે નવરાત્રી ઉત્સવ

**નવરાત્રી નીમિ ો ભવ્ય લોકમેળો યોજાશે : સૌરાષ્ટ્રભરના નામી અનામી કલાકારો લોકડાયરા જમાવશે : માઈભક્તો દ્વારા કરાઈ રહેલુ વિશાળ આયોજન**



તસ્વીર.જયદેવ વરૂ

રાજુલા, રાજુલાના મોરંગી ગામે હોડા વાળી ખોડિયાર માતાજીના સાંનિધ્યે ગૌશાળાના લાભાર્થે ભવ્ય નવરાત્રી મહોત્સવ સાથે ભવ્ય લોકમેળાનું આયોજન પણ થયું છે. રાત્રીના સૌરાષ્ટ્રભરના નામી અનામી કલાકારો દ્વારા લોકડાયરો સહિતના કાર્યક્રમો યોજાનાર છે. નવરાત્રી આડે ગણતરીના દિવસો બાકી છે. તેથી ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળે છે આ મહોત્સવની રકમ ગૌશાળામાં સેવા અર્થે વપરાશે હાલ અહીં ૧૨૦૦ ગાયોનો નિભાવ કરવામાં આવે છે. નવરાત્રીમાં રાજુલા - જાફરાબાદ - મહુવા પંથકમાં ખેલૈયાઓ ધૂમ મચાવશે તા. ૨૬/૯/૧૪ ના રોજ ભોળાભાઈ આહીર, નાથુદાન ગઢવી , દીપ્તીબેન વાઘેલા, કિરણ પટેલ, ૨૭/૯/૧૪ ના રોજ મેરણ ગઢવી, બિરજુ ગઢવી તા. ૨૯ ના રોજ ભોળાભાઈ આહીર, પરેશભાઈ વડીયા તા. ૩૦ નાં રોજ રાજભા ગઢવી, નીતાબેન ગૌસ્વામી તા.૩૧ ના રોજ મમતા સોની, હિતેન ઠાકોર તા.૨૮ નાં રોજ ભરતભાઈ બોરીયા, મીરાંબેન આહીર, તા. ૫ નાં રોજ માલાભાઈ આહીર, મથુરભાઈ હડીયા, તા.૬ નાં કિર્તીદાન ગઢવી, ભોળાભાઈ આહીર નીતુબેન આહિર, જયેશભાઈ બારોટ,સોનલબેન બારોટ સહિત કલાકારો ઝમાવટ કરશે. નવરાત્રી નીમિ ો અધિકારીઓ પદાધિકારીઓ અને રાજકીય આગેવાનો આરતીનો લાભ લેશે તેમ મહંત શેષનાથ ગીરી બાપુએ જણાવ્યું છે.

# રાજુલામાં બાઈક - ટ્રેકટર અથડાતા બાઈક ચાલકને ગંભીર ઈજા : ફ્રેકચર

**અકસ્માત સર્જીને નાસી જનાર ટ્રેકટર ચાલક સામે ફરિયાદ**

અમરેલી,રાજુલામાં આહિર જ્ઞાતિની વાડી પાસે બાઈક સવાર યુવાનને ટ્રેકટરના ચાલકે હડફેટે લઈ ઈજા પહોચાડયાની ફરીયાદ નોંધાઈ છે.આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર રાજુલાના દેવકામાં રહેતા ભરતભાઈ જીવરાજભાઈ ઓઝા ઉ.વ.૩૨ ગત તા. ૧૩ ના રોજ આહિર જ્ઞાતિની વાડીપાસે પસાર થતા હતા ત્યારે ટ્રેકટર નં.જી.જે. ૧૪ એમ.૧૩૨૧ ના ચાલકે હડફેટે લઈ ઈજા ફેકચર પહોચાડયાની ફરીયાદ રાજુલા પોલીસ મથકમાં નોંધાવેલ છે.

**ગેસ ઉપર નહી દેશી ચુલા અને માટીની તાવડી ઉપર બનતી અદભુત આઈટમો**

# અમરેલીના લાઠી રોડે મોમ્સમાં ફેન્સી ઢોસાનો અસલી સ્વાદ

**૩૦ ઉપરાંતની દેશી ઢબની છતા આધુનિક આઈટમોનો ખજાનો લોકોને કાયમી સ્વાદના શોખીન બનાવી દેશે**




અમરેલી,

અમરેલી શહેરમાં ખાણી પીણીની વસ્તુઓ અવનવી મળવા લાગી છે અને લોકો પણ હોશે હોશે અસલી લીજજત માણે છે.જો કે છેલ્લા ઘણા સમયથી ફાસ્ટ ફુડનો ક્રેઝ વધ્યો છે અને લોકોમાં ખુશી પણ છે તેમાં ઉમેરો થાય તે રીતે નવલુ નજરાણુ અમરેલી વાળાઓને આફરીન કરી દે છે.

જિલ્લામાં સર્વપ્રથમ વખત સંદિપ પટેલ અને મુકેશ પટેલ બંધુઓ દ્વારા મોમ્સ અને ફેન્સી ઢોસાનો અસલ સ્વાદ માણવા મળશે એટલુ જ નહી દેશી ચુલા ઉપર માટીની તાવડીમાં બનાવેલી ૩૦ ઉપરાંતની આઈટમો લોકોને સ્વાદના શોખીન બનાવી દેશે તે માટે લાઠી રોડ પર લોકોની ભીડ જામશે ટેસ્ટ કરવા જેવો ખરો !

# ડેડાણમાં પીજીવીસીએલ દ્વારા થતો અન્યાય

**રહેણાંકમાં મોટી રકમનું બીલ આપતા રોષ**

ડેડાણ (બહાદુરઅલી હીરાણી),

ડેડાણમાં એક ખેડુતને ગ્રાહક નં.૯૭૩૫૨-૦૧૦૩૦ને ખેતી વિભાગનું એવરેજ બીલ મોટી રકમનું આપવામાં આવે છે. ખાંભા પીજીવીસીએલ ઓફિસને લેખીત જાણ કરવા છતા નવુ મીટર આપવામાં આવત નથી આ ગ્રાહકને ના છુટકે એવરેજ બીલ ભરવાની ફરજ પડે છે. તો તાકીદે ઉચ્ચ કક્ષાએ સતાવાળાઓ યોગ્ય કરે તેવી માંગ ઉઠી છે.

# રાજુલાના છતડીયા માર્ગ ઉપર સવાર સાંજ ધુમ સ્ટાઈલ બાઈક સવારોનો ત્રાસ

**ખાનગી શાળાએ બાઈકમાં જતા વિદ્યાર્થીઓ ૬૦-૭૦ કિ.મી.ની ઝડપે પસાર**

**થતા અકસ્માતનો ભય : પોલીસ, શાળા સંચાલકો, વાલીઓની ચુપકીદી**

રાજુલા,

રાજુલા શહેરના છતડીયા રોડ ઉપર ૭ જેટલી ખાનગી શાળાઓ ધમધમતી રહી છે. ત્યારે આ શાળાના વિદ્યાર્થીઓ દિવસે દિવસે બે ફામ બનતા થયા છે. આ વિદ્યાર્થીઓ નથી પોલીસ નો ડર નથી શાળાના સંચાલક કે સતાધીઓનો ડર અને સાથે સાથે વાલીઓ નો પણ ડર નથી જોવાનું તો એ છે કે વિદ્યાર્થીઓની એટલી ઉમરે બે ફામ બાઈક ચલાવે છે.

આ વિદ્યાર્થીઓ ૧૨ થી ૧૭ વર્ષના છે અને કોઈ પાસે વાહનના લાઈસન્સ નથી અને સ્થાનીક પોલીસ દ્વારા કયારેય ચેકીંગ કરાતુ નથી. સાથે શાળાના સંચાલકો શિક્ષકો વાલીઓ પણ કયારેય તપાસ નથી કરતા આ વિદ્યાર્થીઓ કેવી રીતે બાઈકો ચલાવે છે. ત્યારે શહેરમાંથી ગંભીર સવાલો ઉઠયા છે. આ વિદ્યાર્થીઓ જો અકસ્માત ને તરશે તો જવાબદાર કોણ થાશે પોલીસ શાળાના સંચાલકો વાલીઓ તેવા વેધક સવાલ ઉઠયા છે.એક સાથે ૪૦ થી ૫૦ બાઈકો પુર પાટ ઝડપે દોડે છે. આસપાસના વાહન ચાલકો અને રાહદારીઓ પણ ફફડી ઉઠે છે. આ વિદ્યાર્થીઓને ચાલુ બાઈકમાં કોઈ બેલેન્સ રહેતુ નથી કેવી રીતી બાઈક ચલાવી તેવું કોઈ જાતનું જ્ઞાન નથી બીજી તરફ આવિસ્તારમાં ૭ થી ૮ શાળાઓ ધમધમી રહી છ.

લાખો રૂપીયાની આવક છે. પરંતુ બાળકો ને રોડ ઉપર કેમ ચાલવુ તે પણ શિક્ષકો જ્ઞાન નથી આપતા ત્યારે આ વિસ્તાર પણ રેસીડન્ટ વિસ્તાર છે. રહેણાંક મકાનોથી ભરચક વિસ્તાર છે ત્યારે પોલીસ દ્વારા ખાનગી સ્કોર્ડ મુકી વિદ્યાર્થીઓને સબક શીખવાડે અને ધોરણ સરની કાર્યવાહી હાથ ધરાય તેવી લોક માંગણી ઉઠી છે.

# સાવરકુંડલા, રાજુલા, લાઠી, કુંકાવાવના ટીડીઓ બદલાયા

**સાવરકુંડલામાં બી.બી. ચાંદુ, રાજુલામાં બી.બી. વસાવા, કુંકાવાવમાં આર.પી. મકવાણા**

અમરેલી,રાજય સરકારના પંચાયત વિભાગ દ્વારા ૩૨ ટીડીઓની બદલીના હુકમ થયા છે. જેમાં વર્ગ-ઉના ૯ તે વર્ગ-૨માં ટીડીઓ કક્ષા હુકમ કર્યા છે.

તે મુજબ સાવરકુંડલામાં ઠાસરાથી બીબી ચાંદુ અને ભરૂચના બી.બી.વસાવાને રાજુલા અને આણંદના આઈઆઈ વ્હોરાને લાઠીમાં અને ખેડાના આરપી મકવાણાને કુંકાવાવમાં ટીડીઓ તરીકે મુકાયેલ છે.

# રાજુલામાં પાર્થ ગ્રુપ નં.૧ દ્વારા નવરાત્રી મહોત્સવ યોજાશે

**નવરાત્રી નિમિતે દર વર્ષની જેમ રાસગરબાની રમઝટ બોલાવાશે**

રાજુલા

રાજુલા શહેરમાં સવિતાનગર ખાતે ૩૦ વર્ષથી પાર્થ ગ્રુપ દ્વારા નવરાત્રી મહોત્સવ યોજાય છે. નં-૧ ગમાતા પાર્થ ગ્રુપ દ્વારા રાસગરબાની ઝમાવટ સાથે રોશની ઝમાવટ કરે છે. અને રોજ હજારો રૂપીયા ઈનામો આપવામાં આવે છે. છેલ્લે દિવસે મેગા ફાઈનલ હરીફાઈ યોજાય છે. તેમાં લાખો રૂપિયાનાં ઈનામો પેટે ચીજવસ્તુઓ અપાય છે. પીપાવાવ પોર્ટ, અલ્ટ્રાટેક સિમેન્ટ, પીપાવાવ સી.પી.યાર્ડ દ્વારા અધિકારીઓ પણ રાસગરબા લેવા નીકળે છે. કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે રાસગરબાની રમઝટ બોલે છે પાર્થ ગ્રુપનાં અમરીશભાઈ ડેર ૫૦ સભ્યોની ટીમ દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે.

# જુનાગઢમાં ગુજરાત રાજયના પ્લમ્બર ભાઈઓની જંગી જાહેર સભા યોજાશે

**ધારાસભ્ય, મેયર મ્યુ.કમિશ્નર, અગ્રણીઓ ઉપસ્થિત રહેશે**

જુનાગઢ (હિતેશ પારેખ),

ગુજરાત રાજયમાં અસંગઠીત રીતે કામ કરતા પ્લમ્બર સંગઠન છે. સમગ્ર ગુજરાતમાં ૧૫ હજાર કરતા વધારે પ્લમ્બર ભાઈઓ સભાસદો છે. સરકારશ્રીના નિતી નિયમથી રહીને પ્લમ્બર ભાઈઓના સર્વાંગી વિકાસ અર્થે તેઓને સચોટ ઓળખાણ, શિક્ષણ, જ્ઞાન, વ્યવસ્થા, ટ્રેનીંગ, આધુનિકતા અને રોજગાર મળે તેવા આયોજન કરે છે. ગુજરાત રાજયમાં અને સમગ્ર ભારતદેશમાં પ્રથમવાર પ્લમ્બર વ્યવસાય સાથે સંકળાયેલા પ્લમ્બર ભાઈઓના પ્લમ્બિંગ કામના દરના ભાવ પત્રક જુનાગઢ જિલ્લામાં લોન્ચ કરવામાં આવી રહી છે.

તેના માટે જુનાગઢ જિલ્લાના તમામ પ્લમ્બર ભાઈઓની જંગ જાહેર સભા તા. ૧૮/૯/૧૪ ના રોજ સાંજે ૭ વાગ્યે સ્થળ :- હોટલ ઈન્દ્રલોક, મજેવડી દરવાજા પાસે,રેલ્વે સ્ટેશન મેઈન રોડ, જુનાગઢ ઉપર કરવામાં આવી રહી છે.

જેમાં મુખ્ય અતિથી મહેમાન તરીકે માનનીય જુનાગઢ જિલ્લા મેયર જીતેન્દ્રભાઈ વી.હીરપરા, જુનાગઢ જિલ્લા મ્યુ.કમિશ્નર બી.કે.ઠક્કર, અતિથી મહેમાન તરીકે ધારાસભ્ય મહેન્દ્રભાઈ મશરૂ, બિલ્ડર નીલેશભાઈ ધુલેશીયા, બિલ્ડર કાળુભાઈ સુખવાની, બિલ્ડર અશ્વિનભાઈ માળી તથા ઓલ ગુજરાત પ્લમ્બર એસોસીએશનના સ્થાપક - ચેરમેન સુરેશભાઈ ચાવડા હાજર રહેશે.

# જરખીયામાં ગરીબ લોકો રાહતના રેશન કાર્ડથી વંચીત

**અભણ, મજુર વર્ગના લોકો બી.પી.એલ. કાર્ડ માટે ઠેર ઠેર ભટકે છે**

લાઠી (મહેશગીરી),

લાઠી તાલુકાના જરખીયામાં એવા અનેક કુટુંબો છે કે જે ખરેખર ગરીબી રેખાથી નિચે જીવે છે. અને બી.પી.એલ. કાર્ડ મેળવવા ઠેર - ઠેર ભટકી રહ્યા છે.

સોગંદનામુ કરાવો આમ કરોને તમે કરો એવા જવાબો મળતા અભણ મજુર વર્ગના લોકો અટવાતા રહે છે. માનનીય વડાપ્રધાન શ્રીના કહેવા મુજબ નાના માણસો માટે ની આ સરકાર છે નાનાને મોટા કરવાનું કામ અમારી સરકાર કરે છે. જયારે તંત્ર દ્વારા આવા ગરીબ અભણ લોકોને શા માટે ધક્કા ખવરાવવામાં આવે છે. તમામ વિધી ગ્રામ પંચાયતમાં તલાટી મંત્રી દ્વારા થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. તો જ ગરીબ લોકોના પ્રશ્નો હલ થઈ શકશે.

# અમરેલી જિલ્લા કોળી સમાજ દ્વારા સમાજની સગીરા યુવતીને અપહરણકર્તાઓની ચુંગાલમાંથી છોડાવવા માંગણી

અમરેલી

સાવરકુંડલા તાલુકાના લીખાળાની ૧૬ વર્ષની ભારતીબેન જયસુખભાઈ વાળાનું આજથી ત્રણ માસ થયા છતા અપહરણ થયેલ.

જેમના પરિવાર ની ન્યાય મળે અનેક ધકકા ખાવા છતા ન્યાય મળ્યો નથી.

અમરેલી જિલ્લા કોળી સમાજના પ્રમુખ રમેશભાઈ ગોહીલ દ્વારા કોળી સમાજની સગીરા યુવતીને અપહરણ કર્તાઓની ચુંગાલમાંથી બચાવવા પોલીસ તંત્ર દ્વારા તપાસ કરવા અને અપહરણ કેશમાં ન્યાયોક તપાસ માટે માંગણી કરી મોબાઈલ નંબરો કોલ ડીટેલ કાઢવા રાજુલા વિસ્તારના દ્વારા સભ્ય હીરાભાઈ સોલંકીને રજુઆત કરવામાં આવેલ છે.

## અમરેલીના શ્રી પ્રભુભાઈ લંગાળીયાનું નિધન

અમરેલી,

અમરેલીમાં રહેતા અને દિવ્ય ભાષ્કરના ડેપ્યુટી મેનેજર હાર્દિકભાઈ લંગાળીયાના પિતાશ્રી સ્વ.પ્રભુભાઈ ધનજીભાઈ લંગાળીયાનું તા.ઉના રોંજ બુધવારે નિધન થતા ઘેરોશોક વ્યાપી ગયો છે.

સદગતનું બેસણુ તા.૧૮ ગુરૂવારના સાંજે ૪થી ૫ કલાકે જલારામ મંદીર ડો.સાવલીયાના દવાખાના સામે અમરેલી ખાતે રાખેલ છે.

## ચલાલા લોહાણા સમાજના વેપારી અગ્રણી શ્રી બાલુભાઈ રાજાનું અવસાન

ચલાલા લોહાણા સમાજના વેપારી અગ્રણી શ્રી બાલુભાઈ માધવજીભાઈ રાજા ઉ.વ.૯૦ નુ તા. ૧૬/૯ ને મંગળવારના રોજ દિલ્હી ખાતે અવસાન થતા ચલાલા લોહાણા સમાજમાં ઘેરોશોક વ્યાપી ગયો છે. તેઓ ચલાલાના સતીશભાઈ અને ઉમેશભાઈ અને દિલ્હી રહેતા રાજુભાઈ રાજા અને જબલપુર રહેતા મિનાબેન ના પિતાશ્રી થાય, સદગતશ્રી બાલુભાઈ રાજા ની સાદડી આજે તા. ૧૮/૯ ગુરૂવાર સાંજના ૪ થી ૬ કલાકે ચલાલા લોહાણા મહાજન વાડી ખાતે રાખેલ છે.

